# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2026** **MIDDAY: 1.20 TO 1.30 PM**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

***********************************************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોંગલની ઉજવણી પ્રસંગે કહ્યું કે, ખેડૂતો રાષ્ટ્ર નિર્માણમાં મજબૂત ભાગીદાર છે અને તેમના પ્રયાસો આત્મનિર્ભર ભારત અભિયાનને ખૂબ જ મજબૂત બનાવી રહ્યા છે.**

2) **કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના અમદાવાદમાં જગન્નાથ મંદિરમાં દર્શન કર્યા – નારણપુરા વિસ્તારમાં પતંગ ચગાવી**

3) **જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણ રેખા ઉપર ગતરાત્રે દેખાયેલા પાકિસ્તાનના ડ્રોનને ભારતીય સેનાએ ગોળીબાર કરીને પાછા ધકેલ્યા.**

4) **અમેરિકાના ઘણા ભાગોમાં ફેડરલ અદાલતોએ ભારતીય નાગરિકોને લગતા કેસમાં ઇમિગ્રેશન અધિકારીઓ વિરુદ્ધ ચુકાદો આપ્યો**

5) **થાઇલેન્ડમાં ટ્રેન અકસ્માતમાં 22નાં મોત**

6) **રાજકોટમાં ભારત સામેની મેચમાં ન્યુઝીલેન્ડે ટોસ જીતી બોલિંગ પસંદ કરી**

……………………………………………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા) હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો….

# PM- PONGAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ખેડૂતો રાષ્ટ્રનિર્માણમાં મજબૂત ભાગીદાર છે અને તેમના પ્રયાસો આત્મનિર્ભર ભારત અભિયાનને ખૂબ જ મજબૂત બનાવી રહ્યા છેતેમણે કહ્યું કે ., કેન્દ્ર ખેડૂતોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં અથાગ મહેનત કરી રહ્યું છે આજે નવી . મુરુગનના .એલ .દિલ્હીમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ નિવાસસ્થાને આયોજિત પોંગલ ઉજવણીમાં સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું.

શ્રી મોદીએ કહ્યું કે, પોંગલ પ્રકૃતિ, પરિવાર અને સમાજ સાથે સંતુલન બનાવવાનો માર્ગ બતાવે છે પોંગલ એ જીવંત તમિલ સંસ્કૃતિ અને પ્રકૃતિ . સાથેના તેના જોડાણનો ઉત્સવ છેશ્રી મોદીએ કહ્યું કે ., પોંગલ હવે એક વૈશ્વિક તહેવાર બની ગયો છે અને તે દેશના ખેડૂતોની મહેનતની ઉજવણી કરે છેપ્રધાનમંત્રીએ કહ્યું કે તમિલ સંસ્કૃતિ ફક.્ત સમગ્ર રાષ્ટ્રનો સહિયારો વારસો જ નહીં પરંતુ સમગ્ર માનવજાતનો સહિયારો વારસો છે ખેડૂતોના . યોગદાનની પ્રશંસા કરતા

તેમણે કહ્યું કે, તમિલ સંસ્કૃતિમાં તેમને જીવનનો પાયો માનવામાં આવે છે.

**(Byte - Prime Minister, Narendra Modi)**

---

## PM MAKAR SANKRANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મકરસંક્રાંતિ, ઉત્તરાયણ અને માઘ બિહુ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં .

આશા વ્યક્ત કરી કે મકરસંક્રાંતિનો પવિત્ર તહેવાર દરેકના જીવનમાં ખુશી, આરોગ્ય અને સુખાકારી લાવશે .

શ્રી મોદીએ કહ્યું કે, માઘ બિહુ પાક, સમૃદ્ધિ અને એકતાનો ઉત્સવ છે .

પ્રધાનમંત્રીએ ઈચ્છા વ્યક્ત કરી કે કૃતજ્ઞતા અને સંવાદિતાનીભાવના દેશને ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્ય તરફ દોરી જાય.

--------------------------------------------------------------------------------

## AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસના બીજા દિવસે આજે સવારે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં દર્શનાર્થે પહોંચ્યા હતા. મંદિર પરિસરમાં તેમણે ગૌપૂજન પણ કર્યું હતું. ત્યારબાદ શ્રી શાહે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની રિડેવલપમેન્ટ યોજના હેઠળ સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-2નું ભૂમિપૂજન કર્યું હતું.

ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ઉત્તરાયણ નિમિત્તે પરિવાર અને કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવવાનો

આનંદ માણ્યો હતો. હવે તેઓ બપોરે અખબારનગરના આસ્થા ઑપલમાં અને નવા વાડજના અભિષેક એપાર્ટમેન્ટમાં પતંગોત્સવની ઉજવણીમાં જોડાશે.

---------------------------------------------------------------

## VP -TN VISIT

ઉપરાષ્ટ્રપતિ સી રાધાકૃષ્ણન તેમના ગૃહ રાજ્ય તમિલનાડુની બે .પી. તેઓ આજે સાંજે કોઈમ્બતુર પહોંચશે અને તેમના . દિવસની મુલાકાતે છે .વતન તિરુપુરમાં રોકાણ કરશે

આવતીકાલે, ઉપરાષ્ટ્રપતિ કોડીસિયા કોઈમ્બતુર ખાતે રામકૃષ્ણ મિશન હોસ્પિટલના સુવર્ણ જયંતિ સમારોહમાં હાજરી આપશે.

---------------------------------------------------------------------------------

## PREZ-PUNJAB VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી પંજાબના બે દિવસના પ્રવાસે જશે તેઓ અમૃતસર ખાતે ગુરુ નાનક દેવ યુનિવર્સિટીના સુવર્ણ જયંતિ . . શુક્રવારે તેઓ જલંધર ખાતે ડૉ . દિક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન બનશે

આંબેડકર નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના .આર.બી21મા દિક્ષાંત સમારોહમાં એક હજાર 452 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરશે.

આ મુલાકાત દરમિયાન , રાષ્ટ્રપતિ રાષ્ટ્રધ્વજ ફરકાવશે તેઓ . સાયબર સુરક્ષા, 5G અને એડવાન્સ્ડ ટેકનોલોજીમાં બે સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદ્ઘાટન કરશે અમૃતસર અને જલંધરને કોઈપણ પ્રકારના . ડ્રોન, વિમાન અને હેલિકોપ્ટર માટે નો ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યા-.છે

---------------------------------------------------------------------------------

## J-K-PAK-DRONE-FIRE

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ગઈકાલે રાત્રે સરહદ પાર કરીને આવેલા અનેક પાકિસ્તાની ડ્રોન પર સેનાએ ગોળીબાર કર્યો. ગઈકાલે સાંજે રાજૌરી જિલ્લાના ચિંગુસ વિસ્તારમાં ડુંગા ગાલા ખાતે પાકિસ્તાની ડ્રોન ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગયા હતા. માંજાકોટમાં થોડા સમય માટે દેખાયા બાદ, ભારતીય સેનાએ વળતો જવાબ આપતા આ ડ્રોન પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં પાછા ફર્યા હતા.

---------------------------------------------------------------------------------

# US- DETENTION

અમેરિકાના ઘણા ભાગોમાં ફેડરલ અદાલતોએ ભારતીય નાગરિકોને લગતા શ્રેણીબદ્ધ કેસમાં ઇમિગ્રેશન અધિકારીઓ વિરુદ્ધ ચુકાદો આપ્યો છે , જેમાં જાણવા મળ્યું છે કે ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે તેમને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખ્યા હતા .

આ મહિને, કેલિફોર્નિયા, મિશિગન અને પેન્સિલવેનિયાની અદાલતોએ ભારતીય નાગરિકોને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો તેમના . ચુકાદાઓમાં, અદાલતોએ જણાવ્યું હતું કે , આવા વ્યક્તિઓ ઇમિગ્રેશન કાયદાના એક અલગ વિભાગ હેઠળ આવે છે જે જામીનની જોગવાઈ કરે છે.

અદાલતે જણાવ્યું હતું કે , મુક્ત કરાયેલા લોકોને સ્વતંત્રતાનો અધિકાર છેન્યાયાધીશોએ જણાવ્યું કે નોટિસ ., કારણ અને કોર્ટ સમક્ષ હાજર થવાની તક વિના તેમના પેરોલ અથવા જામીન રદ કરી શકાતા નથી.

----------------------------------------------------------------------------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# THAILAND ACCIDENT

બેંગકોકથી થાઈલેન્ડના ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં જઈ રહેલી એક પેસેન્જર ટ્રેન, અકસ્માતનો ભોગ બનતા 22 લોકોના મોત થયા અને 30થી વધુ લોકો ઘાયલ થયા છે થાઈલેન્ડ પોલીસના જણાવ્યા અનુસાર ., આ ઘટના થાઈલેન્ડ રાજધાનીથી લગભગ 230 કિલોમીટર ઉત્તરપૂર્વમાં નાખોન રત્ચાસિમા પ્રાંતના સિખિયો જિલ્લામાં બની હતી.

હાલની રેલ્વે લાઇનની સમાંતર ચાલતા હાઇ સ્પીડ રેલ્વે પ્રોજેક્ટના- નિર્માણમાં રોકાયેલ એક ક્રેન તેનું સંતુલન ગુમાવી દેતા ટ્રેનના ડબ્બા પર

ટ્રેન આ વિસ્તારમાંથી પસાર થઈ . પડવાથી આ અકસ્માત સર્જાયો હતો રહી હતી ત્યારે અનેક ડબ્બા પાટા પરથીઉતરી ગયા હતા અને ટ્રેનના કેટલાક ભાગોમાં આગ લાગી હતી થાઈલેન્ડના પરિવહન મંત્રી ., ફીફાટ રત્યાકિતપ્રકર્ને જણાવ્યું હતું કે અકસ્માત સમયે ટ્રેનમાં આશરે **195** મુસાફરો સવાર હતા.

---

# MALI BOAT ACCIDENT

ઉત્તર માલીના ટિમ્બક્ટુમાં નાઇજર નદી કિનારે એક હોડી ખડક સાથે અથડાઈને ડૂબી જતાં ઘણા લોકોના મોત થયા છે રાષ્ટ્રીય. વિધાનસભાના ભૂતપૂર્વ સાંસદ અલકૈદી ટુરેએ મૃત્યુઆંક **38** અને **23** ના બચાવની પુષ્ટિ કરી કાયદા સાથે જોડાયેલા આતંકવાદીઓ સામે-અલ . સુરક્ષા પ્રતિબંધ હોવા છતાં, રાત્રે નદી કિનારે ઉતરવાનો પ્રયાસ કરતાં આ બોટ ખડક સાથે અથડાઈ હતી.

---

# CRICKET- ODI

પુરુષ ક્રિકેટમાં ભારત સામેની મેચમાં ન્યુઝીલેન્ડે ટોસ જીતી બોલિંગ પસંદ કરી છે. ત્રણ મેચની શ્રેણીની બીજી વનડે મેચ ગુજરાતમાં રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે થોડી જ વારમાં શરૂ થશે.

ભારતીય ટીમ શુભમન ગિલ અને ન્યુઝીલેન્ડની ટીમ મિશેલ બ્રેશવેલની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

---

## GOYAL-NTL TURMERIC BOARD

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ,રાષ્ટ્રીય હળદર બોર્ડ ખેડૂતોને સશક્ત બનાવી રહ્યું છે અને વૈશ્વિક સ્તરે હળદરની નિકાસને પ્રોત્સાહન આપી રહ્યું છે રાષ્ટ્રીય હળદર બોર્ડની એક વર્ષની . વર્ષગાંઠ નિમિત્તે શ્રી ગોયલે જણાવ્યું કે , બોર્ડે હળદરના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે .

તેમણે આશા વ્યક્ત કરી હતી કે બોર્ડ ખેડૂતોને ટેકો આપવાનું ચાલુ રાખશે, વેપારીઓ અને નિકાસકારો માટે નવા રસ્તા ખોલશે અને દેશની સમૃદ્ધિ વિશ્વ સાથે શેર કરશે.

---

## JKBOSE-RESULTS

જમ્મુ અને કાશ્મીર બોર્ડ ઓફ સ્કૂલ એજ્યુકેશન દ્વારા આજે ધોરણ ૧૦ ની વાર્ષિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું ,જેમાં કુલ પાસ થવાની ટકાવારી ૮૪ ટકા રહી .

કાશ્મીર વિભાગમાં ગયા વર્ષે ૩ નવેમ્બરથી શરૂ થયેલી ધોરણ ૧૦ ની વાર્ષિક નિયમિત પરીક્ષામાં ૯૪ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.પરીક્ષા કેન્દ્રો સ્થાપ્યા હતા ૯૯૪ બોર્ડે સમગ્ર કાશ્મીર ક્ષેત્રમાં .

------------------------------------------------------------------------------

## RANCHI-MISSING CHILDREN

રાંચી પોલીસે ગુમ થયેલા ભાઈ-બહેનોના કેસમાં મોટી સફળતા મેળવી છે. આ મહિનાની બીજી તારીખે ધુર્વા વિસ્તારમાંથી ગુમ થયેલા ભાઈ-બહેન અંશ અને અંશિકાને ઝારખંડના રામગઢના ચિત્રપુરમાંથી સુરક્ષિત રીતે શોધી કાઢવામાં આવ્યા છે. પોલીસે અપહરણ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. બાળકોના સુરક્ષિત પરત આવવાથી તેમના પરિવારના સભ્યોને મોટી રાહત મળી છે.

ગઈકાલે, મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ ગુમ થયેલા બાળકો અંગે સમીક્ષા બેઠક યોજી હતી. મંત્રીએ ગુમ થયેલા બાળકોના માતા-પિતાને પણ મળ્યા હતા અને તેમને સરકાર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી. તેમણે ઝારખંડના પોલીસ મહાનિર્દેશક સાથે પણ વાત કરી હતી અને ગુમ થયેલા બાળકોની તાત્કાલિક પુનઃપ્રાપ્તિ માટે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

--------------------------------------------------------------------------------

# BANGLADESH-ELECTIONS

જાણીતા અર્થશાસ્ત્રી, ચૂંટણી નિષ્ણાત અને નાગરિક સમાજના નેતા ડૉ. બદીઉલ આલમ મજુમદારે ચેતવણી આપી છે કે બાંગ્લાદેશ તટસ્થ , બિન-પક્ષપાતી કાર્યકારી સરકાર વિના મુક્ત , ન્યાયી અને વિશ્વસનીય ચૂંટણીઓ યોજી શકશે નહીં , જેનાથી દેશની ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા અંગે નવી ચિંતાઓ ઉભી થઈ છે.

બારીશાલમાં મીડિયા સાથે વાત કરતા , શ્રી મજુમદારે કહ્યું કે ચૂંટણી ટ્રેન પાટા પર પાછી ફરી છે , તેમ છતાં ગંભીર જોખમો હજુ પણ બાકી છે. તેમણે ચેતવણી આપી હતી કે રાજકારણીઓ અને તેમના નામાંકિત ઉમેદવારો પોતે જ જો જવાબદારીપૂર્વક કાર્ય કરવામાં નિષ્ફળ જાય તો પ્રક્રિયાને પાટા પરથી ઉતારી શકે છે. મજુમદારે દલીલ કરી હતી કે તટસ્થ કાર્યકારી સરકાર નહીં હોવાને કારણે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શકતા સામે સવાલ ઉભા થયા છે.

--------------------------------------------------------------------------------

**US - MUSLIM BROTHERHOOD**

અમેરિકાએ મુસ્લિમ બ્રધરહુડની ત્રણ મધ્ય પૂર્વીય શાખાઓને આતંકવાદી સંગઠનો તરીકે જાહેર કરીને તે સંગઠનો અને તેના સભ્યો પર પ્રતિબંધો લાદ્યા છેટ્રેઝરી . અને ફોરેન ઓફિસે ગઈકાલે રાત્રે લેબનીઝ, જોર્ડનિયન અને ઇજિપ્તીયન શાખાઓ સામે કાર્યવાહીની જાહેરાત કરી હતી, તેમને યુએસ હિતો માટે ખતરો ગણાવ્યો હતો.

---------------------------------------------------------------------------------